# જલાલપોરમાં અવગણનાનો વિસ્ફોટ

**જાયન્ટ** કિલર આરસી પટેલના નેતૃત્વમાં ભાજપને મજબૂતી આપનાર વિસ્તારને જિલ્લા સંગઠનમાં વર્ષોથી મહત્વના પદોથી દૂર રાખવાનો આક્ષેપ

**જીત** સમયે યાદ, સન્માન સમયે અવગણના યોગદાન છતાં પ્રતિનિધિત્વ ન મળતા તળિયે ફાટી નીકળ્યો અસંતોષ



નવસારી : એક સમય એવો હતો જ્યારે જલાલપોર વિધાનસભા મતવિસ્તાર કોંગ્રેસનો ગઢ માનવામાં આવતો હતો. તેવા સમયમાં ભાજપના નેતા આરસી પટેલે કોંગ્રેસના દિગ્ગજ નેતા સ્વર્ગસ્થ સીડી પટેલને હરાવી રાજકીય સમીકરણ બદલી નાખ્યું હતું. આ ઐતિહાસિક જીત બાદ તેમને "જાયન્ટ કિલર" તરીકે ઓળખ મળી અને તેમના નેતૃત્વમાં જલાલપોર વિસ્તાર ધીમે ધીમે ભાજપનો મજબૂત કિલ્લો બની ગયો હતો.

પરંતુ રાજકીય પરિસ્થિતિનું વિસંગત ચિત્ર હવે સામે આવી રહ્યું છે. જે વિસ્તાર ભાજપને સંગઠનાત્મક મજબૂતી અને ચૂંટણી જીત અપાવતો રહ્યો, તે જ જલાલપોર આજે જિલ્લા સંગઠનમાં અવગણનાનો શિકાર બન્યો હોવાનો આક્ષેપ કાર્યકર્તાઓ કરી રહ્યા છે. વર્ષોથી જિલ્લા સંગઠનમાં મહામંત્રી સહિતના મહત્વના પદોમાં આ વિસ્તારને પૂરતું પ્રતિનિધિત્વ ન મળતા કાર્યકર્તાઓમાં અસંતોષ ઊંડો બનતો ગયો છે.

સ્થાનિક સ્તરે કટાક્ષભરી ચર્ચા ચાલી રહી છે. "મેદાનમાં જલાલપોર આગળ, પરંતુ સ્થાનની વાત આવે ત્યારે પાછળ." કાર્યકર્તાઓમાં એવી લાગણી છે કે ચૂંટણી સમયે તેમની મહેનત અને શક્તિનો પૂરો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ સંગઠન રચનાના સમયે તેમની વફાદારી અને યોગદાનને અવગણવામાં આવે છે. આ અવગણનાની લાગણી હવે દબાયેલી રહી નથી. કાર્યકર્તાઓમાં અન્યાય, નિરાશા અને રોષ ખુલ્લેઆમ સામે આવી રહ્યો છે. સંગઠનના તળિયે એવી વ્યથા વ્યક્ત થઈ રહી છે કે વર્ષોની નિષ્ઠા અને સમર્પણ છતાં યોગ્ય સ્થાન ન મળવું કાર્યકર્તાઓના મનોબળ પર સીધી અસર કરી રહ્યું છે. રાજકીય નિરીક્ષકોના મતે, આ માત્ર પદોની માંગનો મુદ્દો નથી, પરંતુ સંગઠન સાથેના ભાવનાત્મક જોડાણ અને સન્માનનો પ્રશ્ન છે. જો સમયસર સંવાદ અને સંતુલન સ્થાપિત કરવાનો પ્રયાસ નહીં થાય, તો જે જલાલપોર એક સમયે કોંગ્રેસનો ગઢ તોડી ભાજપનો કિલ્લો બન્યો હતો, ત્યાં જ ઊભરતો આ અસંતોષ ભવિષ્યમાં સંગઠન માટે મોટો રાજકીય પડકાર બની શકે છે. હાલ સમગ્ર મુદ્દે જિલ્લા અને રાજ્ય સ્તરના નેતૃત્વ શું વલણ અપનાવે છે, તેના પર જલાલપોર સહિત સમગ્ર જિલ્લાના કાર્યકર્તાઓની નજર ટકેલી છે. હવે જોવાનું રહ્યું કે આ અવગણનાની આગ સમયસર બુઝાવવામાં આવે છે કે પછી તે વધુ ભભૂકી ઊઠે છે.

### રાજીનામું આપનાર 10 હોદ્દેદારો

- વિપુલભાઈ મોહનભાઈ પટેલ - સંયોજક, વેડછા શક્તિ કેન્દ્ર
- પ્રકાશભાઈ છગનભાઈ પટેલ - સહ સંયોજક, વેડછા શક્તિ કેન્દ્ર
- અનુપભાઈ કાંતિલાલ પટેલ - સંયોજક, ખરસાડ શક્તિ કેન્દ્ર
- ગણપત મોરરભાઈ પટેલ - સહ સંયોજક, ખરસાડ શક્તિ કેન્દ્ર
- અનુપભાઈ વસંતજી ટંડેલ - સહ સંયોજક, પનાર શક્તિ કેન્દ્ર
- પ્રીતિબેન ચેતનભાઈ રાઠોડ - સંગઠન મંત્રી, નવસારી તાલુકો
- સુરેશભાઈ રાઠોડ - સંયોજક, તવડી
- શશિકાંત પટેલ - સંયોજક, દાંતી
- સ્મિત નાયક - સંયોજક, પોંસરા
- જગુભાઈ રાઠોડ - સહ સંયોજક
- (શક્તિ કેન્દ્રથી તાલુકા સ્તર સુધી અસંતોષનો વ્યાપ દર્શાવતા રાજીનામા)

# ધરમપુરની ઉદ્વહન સિંચાઈ યોજનામાં 85 કરોડની ફાળવણી

**રૂ. 1340** કરોડના ખર્ચે ઉદ્યવહન સિંચાઈ યોજના તૈયાર કરાઈ

**કપરાડા**, ધરમપુર, નાનાપોંઢા તાલુકાના 48 ગામોના લોકો બારેમાસ ખેતી કરી શકશે




### 81 ચેકડેમ, 26 તળાવ પાણીથી ભરાશે

81 ચેકડેમ અને 26 તળાવમાં પાણી ભરાશે. કપરાડા અને નાનાપોંઢા તાલુકાના 32 ગામ અને ધરમપુર તાલુકાના 16 ગામ મળી 48 ગામને પાણી મળશે. ત્રણ પમ્પિંગ સ્ટેશન સાથેની યોજનામાં ત્રણ તાલુકાના 81 ચેકડેમ, 26 તળાવને પાણીથી ભરવામાં આવશે. પરિણામે કોલક, પાર નદી ઉપરાંત નાના મોટા કોતરો જીવંત થશે અને ખેડૂતો બારેમાસ સિંચાઈ કરી આત્મનિર્ભર બની શકશે.

ધરમપુરઃ રાજ્ય સરકારના વર્તમાન બજેટમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈએ દમણગંગા જળાશય યોજનાના મધુબન ડેમ આધારિત કપરાડા, ધરમપુર તાલુકાની ઉદ્યવહન સિંચાઈ યોજના આશરે રૂ.1340 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. આ યોજના માટે ચાલુ વર્ષે બજેટમાં રૂ.85 કરોડની ફાળવણી કરવામાં આવી છે. ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી દ્વારા યોજના મુદ્દે સતત રજૂઆતોનું સફળ પરિણામ મળ્યું છે. આ યોજનાની કામગીરી સન્મુખ પટેલ, કાર્યપાલક ઇજનેર દમણગંગા યોજના, મધુબન દ્વારા કરવામાં આવશે. દમણગંગા જળાશય યોજનાના સૂત્રોના જણાવ્યા મુજબ, રૂ.1340 કરોડ રૂપિયાના ખર્ચે દમણગંગા જળાશય યોજનાના મધુબન ડેમ આધારિત કપરાડા, ધરમપુર તાલુકાની પાણીની સમસ્યા કાયમી ધોરણે દૂર કરી દેનારી ઉદ્યવહન સિંચાઈ યોજના થકી કપરાડા, નાનાપોંઢા અને ધરમપુર તાલુકાના 48 ગામોને પાણીની સુવિધા ઉપલબ્ધ થશે. કુલ 16900 હેક્ટર જેટલી જમીનને સિંચાઈનો લાભ મળશે. જેની મુખ્ય પાઈપલાઇનની લંબાઈ 52 કિ.મી. અને શાખા પાઈપલાઈનની લંબાઈ 188 કી.મી. રહેશે. આ યોજના મધુબન ડેમના ફતેપુર ગામથી શરૂ થઈ કાસ્ટોનિયા, ખડકવાડ, કપરાડા થઈ માંકડબંધથી બરૂમાળ, માન નદીમાં પૂર્ણ થશે.

### ચીખલી પંથકમાં ગાઢ ધુમ્મસ છવાતા વિઝિબિલિટી ઘટી




■ ઘેજ : ચીખલી પંથકમાં આજે વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાતા વિઝિબિલિટી ઘટી જવા પામી હતી અને તાલુકામાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિતના માર્ગો પર વાહનોની ગતિ ઘટવા સાથે હેડ લાઇટ ચાલુ રાખી વાહનો હંકારવાની નોબત આવી હતી. બીજી તરફ ધુમ્મસને પગલે કેરી, ચીકુ અને શાકભાજીના પાક પર પણ માઠી અસર થવા પામી હતી.

# વિરાવળ પૂર્ણા બ્રિજ પર પ્રતિબંધ છતાં ટેમ્પો ઘૂસતાં આડાશ તૂટી

**અકસ્માત** બાદ લાંબો ટ્રાફિક જામ, સ્થાનિકોની મદદથી વાહન વ્યવહાર પૂર્વવત, ડ્રાઈવર સામે ગુનો નોંધાયો

નવસારી : નવસારી જિલ્લાના વિરાવળ ગામે પૂર્ણા નદી પર આવેલા મહત્વપૂર્ણ બ્રિજ પર ફરી એકવાર બેદરકારીના કારણે અવ્યવસ્થા સર્જાઈ છે. ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં એક ટેમ્પો ચાલક બ્રિજ તરફ ઘુસી જતા સુરક્ષા માટે લગાવવામાં આવેલી લોખંડની આડાશ તૂટી ગઈ અને ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

વિરાવળનો પૂર્ણા નદી બ્રિજ નવસારી અને સુરત વચ્ચેનું મહત્વપૂર્ણ જોડાણ માનવામાં આવે છે. બ્રિજની હાલત નબળી જણાતા તંત્ર દ્વારા અગાઉ ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકાયો હતો.

આ પ્રતિબંધનું પાલન થાય તે માટે બ્રિજની બંને બાજુ ઉત્તર અને દક્ષિણ તરફ લોખંડની એંગલ (આડાશ) લગાવવામાં આવી હતી.

માહિતી મુજબ, આજે બપોરે એક ટેમ્પો ચાલક ઝડપથી વાહન ચલાવી બ્રિજ તરફ આવ્યો અને દક્ષિણ બાજુ લગાવેલી લોખંડની આડાશ સાથે જોરદાર અથડાયો. અથડામણના કારણે લોખંડની એંગલ વળી ગઈ અને તેનો એક ભાગ ટેમ્પોની ડ્રાઈવર કેબિન પર પડી જતા વાહનને પણ નુકસાન થયું હતું.

આ ઘટનાને પગલે બ્રિજ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ અને વિરાવળ ગામ વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. ત્યારબાદ સ્થાનિક ગામલોકોએ આગળ આવી તૂટી ગયેલી આડાશને રસ્તાની બાજુએ હટાવી વાહન વ્યવહાર ફરી શરૂ કરવામાં મદદ કરી હતી.

આ અંગે જાણ થતાં નવસારી રૂરલ પોલીસ ઘટના સ્થળે પહોંચી પોલીસે ટેમ્પો ચાલક સામે સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડવા તેમજ મોટર વાહન અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે અને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ઈન્સ્ટાગ્રામ પર અશ્લીલ રીલ્સ વાયરલ કરનાર બે યુવકો ઝડપાયા

**ટેક્નિકલ** ઈન્ટેલિજન્સના આધારે બે આરોપીઓની ધરપકડ, IT એક્ટ સહિતની કલમો હેઠળ કાર્યવાહી



નવસારી : નવસારી સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સોશિયલ મીડિયા પર અશ્લીલ અને અભદ્ર સામગ્રી વાયરલ કરવાના મામલે કાર્યવાહી કરી બે યુવકોને ઝડપી પાડવામાં આવ્યા છે. રીલમાં ચારથી પાંચ યુવકો ગાળો બોલતા તેમજ અયોગ્ય હાવભાવ અને સંકેતો કરતા જોવા મળ્યા હતા. ત્યારબાદ પોલીસે આ આઈડીની પ્રોફાઈલ ચકાસતા અન્ય ઘણી રીલ્સમાં પણ અશ્લીલ ભાષા અને અભદ્ર હરકતો દર્શાવતી ફોલોઅર્સ હતા અને લગભગ 60 જેટલી પોસ્ટ અપલોડ કરવામાં આવી હતી.

સાયબર ક્રાઈમ ટીમે ટેક્નિકલ ઈન્ટેલિજન્સ અને હ્યુમન સોર્સના આધારે તપાસ હાથ ધરતા બે આરોપીઓ હર્ષિલ નાયકા (ઉં 19, - ડાયમંડ કામ, રહે. રુસ્તમવાડી, શિવમંદિર પાછળ, રિંગ રોડ, શાંતાદેવી, નવસારી) અને સોહન રાઠોડ (ઉં 22, - ડાયમંડ, રહે. રુસ્તમવાડી, શિવમંદિર પાછળ, નવસારી)ને ઝડપી પાડ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### ડાંગનાં રંભાસની શાળામાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા પૂર્વે ભવ્ય મહાપૂજા યોજાઈ




સાપુતારા : બોર્ડની પરીક્ષાઓ હવે ગણતરીના દિવસોમાં જ શરૂ થવા જઈ રહી છે, ત્યારે વિદ્યાર્થીઓ તણાવમુક્ત રહે અને સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકે તેવા હેતુથી ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, રંભાસ ખાતે એક વિશેષ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ભક્તિમય વાતાવરણમાં પૂજાવિધિ કરવામાં આવી હતી. બુધવાર, 11 ફેબ્રુઆરીના રોજ યોજાયેલા આ પવિત્ર કાર્યક્રમમાં સંસ્થાના પૂજ્ય ધર્મકુશલ સ્વામી તથા પૂજ્ય મુનીચરણ સ્વામીએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ મહાપૂજા સંપન્ન કરાવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય સંદીપભાઈ, શિક્ષકગણ અને તમામ કર્મચારીઓએ ઉપસ્થિત રહી ભક્તિભાવપૂર્વક આહુતિ આપી હતી. મહાપૂજાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં એકાગ્રતા અને સકારાત્મક ઉર્જાનો સંચાર કરવાનો હતો. વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ નીલકંઠ વર્ણી મહારાજનો અભિષેક કરીને સફળતા માટે પ્રાર્થના કરી હતી. કાર્યક્રમમાં ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓને પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા સ્વહસ્તે લખાયેલા આશીર્વાદપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા.

### ખેરગામના કાકડવેરી ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ



ખેરગામ : ખેરગામના કાકડવેરી ગામના નવનિર્મિત ગ્રામ પંચાયત મકાનનું મંત્રી નરેશ પટેલે લોકાર્પણ કર્યું હતું. મંત્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે, નવનિર્મિત ગ્રામ પંચાયત મકાનથી ગ્રામજનોની સુવિધાઓમાં વધારો થશે અને ગ્રામ્ય વહીવટ વધુ સુચારુ તથા કાર્યક્ષમ બનશે. વધુમાં મંત્રીએ જણાવ્યું કે સરકારી સેવાઓના ડિજિટલિકરણથી પારદર્શિતા અને ઝડપ બંનેમાં વધારો થયો છે અને વિવિધ યોજનાઓના લાભો સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં Direct Benefit Transfer ( DBT ) માધ્યમથી જમા થતાં મધ્યસ્થી પ્રણાલીમાં ઘટાડો થયો છે. આ સાથે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા આદિવાસી વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સહાય, હોસ્ટેલ, સ્કોલરશિપ અને તાલીમ જેવી અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેના પરિણામે આદિવાસી સમાજ શિક્ષણ અને વિકાસની મુખ્ય ધારામાં જોડાઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ રાજેશ પટેલ, ભાજપ પ્રમુખ લીતેશભાઈ, મહામંત્રી ચેતનભાઈ, વિજયભાઈ, સરપંચ નરેન્દ્ર પટેલ, ખેરગામ તાલુકા વિકાસ અધિકારી વિરાણી સહિત સરપંચો, આગેવાનો, અધિકારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# બોર્ડની હોલ ટિકિટ લેવા ગયેલા ધો.૧૨ ના વિદ્યાર્થીની પ્રેમ પ્રકરણમાં ધોલાઈ

**ચીખલીના** તલાવચોરામાં પ્રેમ પ્રકરણમાં છેલ્લા સાતેક મહિનામાં ચારેક વખત મારામારી થઈ

**વિદ્યાર્થીને** માર મરાતા જીવ બચાવવા તે ખેતરમાં ભાગી ગયો, એક તરફની આંખનો ભાગ સૂઝી ગયો

ઘેજ : ચીખલી તાલુકાના તલાવચોરામાં હોલ ટિકિટ લેવા ગયેલા ધોરણ-૧૨ ના વિદ્યાર્થીને હાઈસ્કુલની બહાર પ્રેમ પ્રકરણમાં માર મરાયા બાદ બે પક્ષો વચ્ચે જાહેરમાં મારામારી થતા પોલીસ પણ ધસી ગઈ હતી. ઈજાગ્રસ્ત વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીના પિતાને સારવાર અર્થે રેફરલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. હાઈસ્કુલમાં ઉપરોક્ત પ્રકરણમાં છેલ્લા સાતેક મહિનામાં ચારેક વખત મારામારી થઈ હતી. અને સમાધાન કરાયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ તાલુકાના એક ગામનો ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા સગીર વિદ્યાર્થીને બાજુના ગામની સગીર વિદ્યાર્થિની સાથે પ્રેમ પ્રકરણમાં ગત જુલાઈ માસમાં જ બંને પક્ષો વચ્ચે મારામારી થઈ હતી. અને અત્યાર સુધીમાં ત્રણેક વખત મારામારી થતા દર વખતે સમાધાન થયું હતું. અને આ વિદ્યાર્થીને શાળા પણ છોડી દેવડાવવામાં આવી હતી. અને છેલ્લા એક મહિનાથી આ વિદ્યાર્થી શાળામાં પણ જતો ન હતો.

આ દરમ્યાન આજે બોર્ડની પરીક્ષાની હોલ ટિકિટ લેવા આ વિદ્યાર્થી ગયો હતો. ત્યારે બપોરના સમયે તલાવચોરામાં હાઈસ્કુલની બહાર દુકાનમાં પાણી માટે જતી વખતે તેને વિદ્યાર્થિનીના પરિવાર દ્વારા ખેંચી કાઢી માર મરાતા જીવ બચાવવા તે ખેતરમાં ભાગી ગયો હતો. આ વિદ્યાર્થીને મોઢામાં આંખના ભાગે એટલી હદે મૂઢ માર મરાયો હતો કે એક તરફની આંખનો ભાગ સૂઝી જવા સાથે આંખ ખોલવામાં પણ મુશ્કેલી ઉભી થઈ હતી.

બીજી તરફ વિદ્યાર્થીને માર મરાતા તેમના પરિવાર-સબંધીજનો દ્વારા સગીરાના પિતાને પણ માર મરાતા તેને પણ મૂઢમાર વાગતા રેફરલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ઉપરોક્ત બનાવમાં આજે ચોથી વખત મારામારી થઈ હોવાનું પણ જાણવા મળ્યું હતું. ત્યારે સમગ્ર બાબતને પોલીસ દ્વારા ગંભીરતાથી લઈ વિદ્યાર્થીઓના મારામારીના પ્રકરણમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. જોકે આ લખાય ત્યાં સુધી પોલીસ ચોપડે કોઈ ફરિયાદ નોંધાઈ ન હતી.

# વલસાડમાં જમીન દફ્તરના બોગસ નક્શા અને સિક્કા બનાવી છેતરપિંડી

**રેંટલાવના** શખ્સે વધુ બાંધકામની મંજૂરી મેળવવાના આશયથી બોગસ નક્શા બનાવતા પોલીસ ફરિયાદ

વલસાડ : વલસાડના રેંટલાવ ગામના એક શખ્સે પોતાની જમીન પર વધુ બાંધકામની મંજૂરી મેળવવાના આશયથી સરકારી કચેરીના નકલી સિક્કા અને બોગસ નક્શા બનાવ્યા હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. આખો મામલો બહાર આવતા પોલીસ ફરિયાદ પણ થઈ છે. જેને લઈ સમગ્ર પંથકમાં જમીન વેચાણ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોમાં ભારે ચર્ચા ચાલી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડ જિલ્લા નિરીક્ષક જમીન દફ્તર (DILR) કચેરીના અધિકારી ગણપતભાઈ વિરાભાઈ તરાલે વલસાડ સીટી પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે, આરોપી હર્ષિત જયંતિભાઈ પ્રજાપતિએ રેંટલાવ ગામની જમીન માટે નગર નિયોજક કચેરીમાં બાંધકામની મંજૂરી મેળવવા માટે અરજી કરી હતી. જોકે, તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે આરોપીએ રજૂ કરેલી માપણીશીટમાં કચેરીના ખોટા સિક્કા મારી અને અધિકારીની ખોટી સહી કરી બોગસ દસ્તાવેજ તૈયાર કર્યો હતો.

આ કૌભાંડ ત્યારે સામે આવ્યું જ્યારે સમીરકુમાર મોહનભાઈ દેસાઈ નામના વ્યક્તિએ આ બાંધકામ ગેરકાયદે હોવાની ફરિયાદ કલેક્ટર કચેરીમાં કરી હતી. ત્યારબાદ SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું કે, આરોપીએ રી-સર્વે પ્રમોલગેશન વખતે થયેલી ભૂલનો ફાયદો ઉઠાવી, મૂળ ક્ષેત્રફળ કરતા વધુ જમીન બતાવી આર્થિક ફાયદો મેળવવાના હેતુથી સરકારી રેકર્ડમાં છેડછાડ કરી હતી. SIT ના અહેવાલ અને નિવાસી અધિક કલેક્ટરના આદેશ બાદ, પોલીસ દ્વારા આરોપી હર્ષિત પ્રજાપતિ વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (B.N.S.S) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

### ઇન્ડિયા સ્કીલ કોમ્પીટીશન ૨૦૨૫-૨૬ વેસ્ટ ઝોનમાં ગુજરાતનો ડંકો

## 'ગ્રાફિક્સ અને મીડિયા' સેક્ટરમાં રેડ એન્ડ વ્હાઈટના વિદ્યાર્થીઓને કુલ 75,000 સન્માન, નેશનલ લેવલ માટે ક્વોલિફાય



સુરતઃ ભારત સરકારના કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત ઇન્ડિયા સ્કીલ કોમ્પીટીશન ૨૦૨૫-૨૬ ના વેસ્ટ ઝોન રાઉન્ડમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે. પશ્ચિમ ભારતના ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં 'ગ્રાફિક્સ અને મીડિયા' સેક્ટરમાં રેડ એન્ડ વ્હાઇટ સ્કિલ એજ્યુકેશનના વિદ્યાર્થીઓએ મેડલ મેળવી આગવી છાપ છોડી છે. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં રેડ એન્ડ વ્હાઇટના કુલ છ વિદ્યાર્થીઓએ વેબ ટેક્નોલોજી, ડિજિટલ ઇન્ટ્રેક્ટીવ મિડીયા અને ગ્રાફીક ડિઝાઈન ટેક્નોલોજી જેવા સ્કિલ ક્ષેત્રોમાં નામ રોશન કર્યું હતું. પ્રથમ ક્રમે જયદીપ ડેર, દિયા સંતોકી અને આયુષ ધોળકિયા રહ્યા હતા, જ્યારે દ્વિતીય ક્રમે અમિત ડાભી, વિદિશા ભાગીયા અને રાધી મેહતા સ્થાન મેળવ્યું હતું. ગ્રાફીક ડિઝાઈન ટેક્નોલોજી વિષયમાં વિદ્યાર્થી આયુષ ધોળકિયા એ સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને રૂપિયા 50,000ની સન્માન રકમ મેળવી. ડિજીટલ ઇન્ટ્રેક્ટીવ મિડીયા કેટેગરીમાં વિદ્યાર્થિની વિદિશા ભાગીયા એ બ્રોન્ઝ મેડલ મેળવી રૂપિયા 25,000ની સન્માન રકમ પ્રાપ્ત કરી. બંને વિદ્યાર્થીઓને મળીને કુલ રૂપિયા 75,000નું સન્માન એનાયત કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ સાથે આયુષ ધોળકિયા નોઈડા ખાતે યોજાનારી નેશનલ લેવલ સ્પર્ધા માટે ક્વોલિફાય થયા છે. નેશનલ લેવલમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થાય તો તેમને ચીનના શાંઘાઈ શહેરમાં યોજાનારી વર્લ્ડ સ્કીલ કોમ્પીટીશન ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે. રેડ એન્ડ વ્હાઇટ સ્કિલ એજ્યુકેશનના ફાઉન્ડર હિતેશકુમાર દેસાઈ અને હસમુખભાઈ રફાળિયા એ જણાવ્યું હતું કે આ પરિણામ ઇન્ડસ્ટ્રી આધારિત પ્રેક્ટિકલ તાલીમની સફળતા દર્શાવે છે. વિદ્યાર્થીઓને વૈશ્વિક મંચ માટે તૈયાર કરવાનો સંસ્થાનો સંકલ્પ આ સિદ્ધિથી વધુ મજબૂત બન્યો છે.

# NRIની મિલ્કત પર કબજો જમાવનાર પિતા-પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો

**રહેવા** માટે અપાયેલું મકાન પરત ન આપતાં પોતાનો હક જતાવવાનો પ્રયાસ

નવસારી : નવસારીના જમાલપોર વિસ્તારમાં સ્થિત એક NRIના મકાન પર વર્ષોથી ગેરકાયદે કબજો જમાવવાના મામલે અંતે તંત્ર હરકતમાં આવ્યું છે. અમેરિકામાં વસતા મૂળ માલિકની અરજીના આધારે કલેક્ટર કચેરીએ તપાસ કરાવી અને પ્રાથમિક રીતે ગુનો સ્થાપિત થતાં નવસારી રૂરલ પોલીસે પિતા-પુત્ર સામે ગુનો નોંધ્યો છે.

નવસારીના નિવાસી અને હાલ અમેરિકામાં સ્થાયી થયેલા અરુણભાઈ ગોવિંદજી પટેલનું જમાલપોરમાં આવેલું મકાન વર્ષ 2002 દરમિયાન મગનલાલ રાઠોડ અને પરિવારને રહેવા માટે આપવામાં આવ્યું હતું. પરંતુ સમય જતાં મકાન પરનો કબજો યથાવત રાખવામાં આવ્યો અને ખાલી કરવાની જગ્યાએ આરોપીઓએ મકાન પર પોતાનો અધિકાર જતાવવાનો પ્રયાસ કર્યો હતો. એટલું જ નહીં, મકાન રૂપિયા 5.50 લાખમાં ખરીદી લીધાનો દાવો કરાયો હતો. માલિક તરફથી રજૂઆતો છતાં કોઈ ઉકેલ ન આવતા નવસારી કલેક્ટર સમક્ષ ઓનલાઈન લેન્ડ ગ્રેબિંગ અંગે ફરિયાદ કરવામાં આવી હતી. ત્યારબાદ કલેક્ટરની અધ્યક્ષતામાં બનેલી સમિતિએ દસ્તાવેજોની તપાસ કરતા મકાનનો વેરો, સોસાયટી મેન્ટેનન્સ તેમજ રેવન્યુ રેકોર્ડમાં હજુ પણ મૂળ માલિકનું જ નામ નોંધાયેલા છે. જેને પગલે ગેરકાયદે કબજો સાબિત થતા કલેક્ટરે પોલીસને ગુનો નોંધવા સૂચના આપતા પોલીસે મગનલાલ રાઠોડ અને પુત્ર હિરેન રાઠોડ (રહે. જમાલપોર) સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.